સને ૨૦૧૬-૧૭માં નવી સેવા હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.નું સંચાલન જૂનાગઢ મહાનગરપાલિકા સોપવા તેમજ તે માટે નાયબ મામલતદાર વર્ગ- ૩ની એક જગ્યા ઉભી કરવા વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૨/૮૬૮ /૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૧૨/૦૫/૨૦૧૬

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૯/૦૧/૧૯૯૨નો ઠરાવ ક્રમાંકઃ મભય/૧૩૯૦/૧૫૪૨(૯૧)ક.

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૩/૪/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ મભય/મકમ/૨૦૧૬/૩૮૯૫.

ઠરાવ –

સને ૨૦૧૬-૧૭માં નવી સેવા હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.સંચાલન માટે નાયબ મામલતદાર વર્ગ-૩ની એક જગ્યા ઉભી કરવા માટે માંગણી નં.૯ સદરે રુ.૬.૫૦ લાખની થયેલ બજેટ જોગવાઇને વહિવટી મંજૂરી આપવા તેમજ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ૩૦ મ.ભો.યો.ના કેન્દ્રોનું સંચાલન જૂનાગઢ મહાનગરપાલિકાને સોપવાની વહીવટી મંજૂરી આપવા માટે કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે.

૨/ પુખ્ત વિચારણાના અંતે સને ૨૦૧૬-૧૭માં નવી બાબતથી જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.સંચાલન માટે નાયબ મામલતદાર વર્ગ-૩ની એક જગ્યા ઉભી કરવા માટે માંગણી નં.૯ સદરે રુ.૬.૫૦ લાખની થયેલ બજેટ જોગવાઇને તેમજ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ૩૦ મ.ભો.યો.ના કેન્દ્રોનું સંચાલન જૂનાગઢ મહાનગરપાલિકાને સોપવાની બાબતે નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારની સ્થાયી જોગવાઇઓ તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રોઅને નિયમોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતી ના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગાર નીતિ અને તેમાં વખતો વખત થયેલા સુધારાઓની જોગવાઇ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણ આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી મહેસુલ વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક-નયન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પાકા)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારાતા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ

નવી વધીંત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યા ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુંસાર જળવાય તે મહેસુલ વિભાગે જોવાનું રહેશે.

(૧૧) આ જગ્યા ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩)રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂરી કરેલ જગ્યા જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે.ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કમિશ્નરશ્રી,મ.ભો.યો.એ દરખાસ્ત રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) આ જગ્યા મહેસુલી સંવર્ગની પ્રતિનિયુક્તિથી ભરવાની થતી હોઇ મહેસુલ વિભાગ દ્વારા તાત્કાલિક આ જગ્યા ભરવાની રહેશે.

(૧૬) જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ૩૦ મ.ભો.યો.ના કેન્દ્રોનું સંચાલન જૂનાગઢ મહાનગરપાલિકાને સોપવાની પ્રવર્તમાન નિયમો મુજબ કાર્યવાહી કમિ.મ.ભો.યો.દ્વારા તાત્કાલિક કરવાની રહેશે.

(૧૭) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬થી કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (બિન આદિજાતી)

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૦૨/૦૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- અ.મુ. સચિવશ્રી,મહેસુલ વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
--કલેકટરશ્રી, સેવા સદન, જુનાગઢ
-- કમિશ્નરશ્રી,મહાનગરપાલિકા, જુનાગઢ
--જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.